GJPM170005772026

**આંકઃ-૫**

દા ખ લ  તા રી ખઃ ૦૯-૦૪-૨૦૨૬
રજીસ્ટરે લીધા તારીખઃ૦૯-૦૪-૨૦૨૬
નિ કા લ   તા રી ખઃ ૧૬-૦૪-૨૦૨૬
સ   મ   યઃ વ.  મા.  દિ.
**૦૦-૦૦-૦૭**

**પંચમહાલના મે.બીજા એડીશ્નલ સેસન્સ જજશ્રીની અદાલત, મુ.હાલોલ**

**શ્રી એસ.સી.ગાંધી, બીજા એડીશ્નલ સેસન્સ જજ,હાલોલ**

**ફોજદારી રીવીઝન અરજ નંબર ૨૪/૨૦૨૬**

અરજદાર......... **બાલૂ કલેશ નહારીયા,**
ઉ.વ.આ.૨૫, ધંધોઃખેતી,
રહે.ખાડા ફલીયા,છોટી ઉતાવલી,
અલીરાજપુર(મધ્ય પ્રદેશ).

વિ રૂ દ્ધ

સામાવાળા......... ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**બાબતઃ-ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૩૮ મુજબ રીવીઝન અરજ.**

---

અરજદાર તરફે : વિદ્વાન વકીલ શ્રી એ.એમ.બલોચ
સામાવાળા તરફે : વિદ્વાન એ.પી.પી.શ્રી આર.વાય. ત્રિપાઠી

---

// **ઠ રા વ** //

(૧). અરજદારે હાલની અરજી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૩૮ મુજબ દાખલ કરી, હાલોલ રૂરલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૭૦૭૯૨૫૦૮૩૨/૨૦૨૫ પ્રોહી. એકટની કલમ-૬૫(એ),૬૫(ઇ),૧૧૬-બી,૮૧,૯૮(૨) ના કામે તેઓની માલિકીની મહીન્દ્રા કંપનીની એસ.યુ.વી. ૫૦૦ ગાડી નં.જીજે૩૪/બી/૦૭૨૪ની મુદ્દામાલ તરીકે ત.ક.અ.એ કબજે કરેલ તે પરત મેળવવા માટે કરેલ અરજીના કામે હાલોલના વિદ્વાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસનાઓએ તા.૮-૪-૨૦૨૬ના હુકમથી સદર મુદ્દામાલ પરત મેળવવાની અરજી નામંજુર કરતા તે હુકમથી નારાજ થઈ હાલની રીવીઝન અરજ કરેલ છે.

(૨). અરજદારે દાખલ કરેલ હાલની અરજી અન્વયે સામાવાળાને કાઢવામાં આવેલ નોટીસ અન્વયે સામાવાળા સરકાર તરફે વિદ્વાન વકીલશ્રી એ.પી.પી.શ્રી આર.વાય. ત્રિપાઠી હાજર થયેલ છે.

(૩). અરજદારની હાલની રીવીઝન અરજીની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના અરજદારની માલિકીની મહીન્દ્રા કંપનીની એસ.યુ.વી. ૫૦૦ ગાડી નં.જીજે૩૪/બી/૦૭૨૪હાલોલ રૂરલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૭૦૭૯૨૫૦૮૩૨ /૨૦૨૫ પ્રોહી. એકટની કલમ-૬૫(એ),૬૫(ઇ),૧૧૬-બી,૮૧,૯૮(૨) મુજબના ગુનાના કામે કબજે કરેલ છે તે પરત મેળવવા માટે કરેલ અરજીના કામે હાલોલના વિદ્વાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસશ્રી એ તા.૮-૪-૨૦૨૬ના હુકમથી મુદ્દામાલ પરત મેળવવાની અરજી નામંજુર કરતા તે હુકમથી નારાજ થઇ હાલની રીવીઝન અરજ કરી

જણાવેલ છે કે, સદરહુ મુદ્દામાલ વાહન તે અરજદારની આજીવીકાનુ એક માત્ર સાધન હોય અને વધુ સમય પોલીસ સ્ટેશનમા પડી રહે તો તેના સ્પેર પાર્ટ બગડી જવાની શકયતા રહેલ હોય તેમજ ટ્રાયલ અદાલતે હકીકતનુ અર્થઘટન કરવામાં ગંભીર પ્રકારની ભુલ કરેલ હોય તેમજ કાયદાકીય જોગવાઈઓનુ મુલ્યાંકન કરવામા ગંભીર ભુલ કરેલ હોય, ટ્રાયલ કોર્ટનો હુકમ રદ કરી અરજદારને મુદ્દામાલ વાહન યોગ્ય શરતોને આધીન વચવાગાળની કસ્ટડી પુરતી, પરત મેળવાવ અરજ કરેલ છે.

(૪). આ કામ આજરોજ આખરી સુનાવણી માટે રાખવામાં આવતા, અરજદાર તરફે વિદ્વાન વકીલશ્રી એ.એમ.બલોચ તેમની વિદ્વતાપુર્ણ દલીલમાં આ અદાલતનુ ધ્યાન અરજીમાં જણાવેલ હકીકતો તરફ દોરી જણાવેલ છે કે, ટ્રાયલ અદાલતે અરજીની હકીકતો ધ્યાને લીધી નથી અને હુકમ ભુલભરેલ, ખામીયુક્ત હોઈ અને બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ-૯૮(૨)ની જોગવાઈઓને ધ્યાને લઈ નામંજુર કરેલ હોઈ અને ફકત અને ફકત પોલીસ અભિપ્રાયને ધ્યાને લીધેલ હોય અને અરજદારના માલિકાના દસ્તાવેજી પુરાવાને લક્ષમા લીધેલ નથી અને માત્ર અને માત્ર હાલના તબકકે પોલીસ પેપર્સનો આધાર બનાવી અરજદારની અરજી નામંજુર કરેલ છે. મુદ્દામાલ વાહનના અરજદાર એક માત્ર કલેઈમ કરનાર વ્યકિત હોય અને ટ્રાયલ અદાલતે બી.એન.એસ.એસ.ની કલમ-૪૯૭ ની જોગવાઈઓ વિરુધ્ધનો હુકમ કરેલ હોય અને જો મુદ્ધામાલ વાહન પરત સોંપવામાં ન આવે તો પોલીસ કસ્ટડીમાં પડી રહે અને તેના સ્પેર પાર્ટ ખરાબ થાય તેમ હોઈ અને અરજદારને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન જાય તેમ હોઈ, તેમજ કેસ ચાલતા સમય જાય તેમ હોઈ, ટ્રાયલ અદાલતનો હુકમ રદ કરી, મુદ્ધામાલ વાહન

વચગાળાના તબક્કે યોગ્ય શરતોને આધીન પરત સોંપવા અરજ કરેલ છે.

(૫).	સામાવાળા સરકાર તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી આર.વાય. ત્રિપાઠી એ તેમની વિદ્વતાપુર્ણ દલીલમાં ટ્રાયલ અદાલત દ્વારા પસાર કરવામાં આવેલ હુકમ તરફ આ અદાલતનુ ધ્યાન દોરી, ટ્રાયલ અદાલત દ્વારા ફરમાવવામાં આવેલ હુકમ બીલકુલ યોગ્ય અને વાજબી હોઈ, તેમાં કોઈપણ પ્રકારનો હસ્તક્ષેપ કરવાની જરૂરીયાત નથી તેમ જણાવી રીવીઝન અરજી નામંજુર કરવાનો હુકમ કરવા દલીલ કરેલ છે.

(૬).	આ કામે અરજદારે દાખલ કરેલ હાલની રીવીઝન અરજી તથા તે સાથે રજુ કરેલ દસ્તાવેજી આધારે તેમજ ઉભય પક્ષકારો તરફે કરવામાં આવેલ ઉપરોક્ત દલીલો વેચાણે લેતા, મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલા છે.

(૧)	હાલોલના વિદ્વાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસશ્રી એ તા.૮-૪-૨૦૨૬ ના રોજ હાલોલ રૂરલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦ ૭૦૭૯૨૫૦૮૩૨/૨૦૨૫ પ્રોહી. એકટની કલમ-૬૫(એ), ૬૫(ઇ), ૧૧૬-બી, ૮૧, ૯૮(૨) ના કામે મુદ્દામાલ મહીન્દ્રા કંપનીની એસ.યુ.વી. ૫૦૦ ગાડી નં.જીજે૩૪/બી/ ૦૭૨૪ પરત મેળવવાની કરેલ અરજી ઉપર ફરમાવેલ હુકમ અયોગ્ય, ભુલ ભરેલ અને ગેરકારદેસરનો છે**?**

(૨)	શું હુકમ ?

(૭).	ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧)	નકારમાં.
(૨)	છેવટના હુકમ મુજબ.

// **કારણો** //

**મુદ્દા નં.૧:-**

(૮). અરજદારે દાખલ કરેલ હાલની રીવીઝન અરજી કે જે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૩૮ અન્વયેની છે. તેમાં કરવામાં આવેલ જોગવાઇ , તથા તેનો હેતુ અને ઉદેશ્ય ધ્યાને રાખતા જે કેસમાં કાયદા ધ્વારા અપીલ કરવા માટેની જોગવાઇ કરવામાં આવેલ ન હોઇ અને અપીલ સિવાય અન્ય કોઇ જ ઉપાય કાયદા ધ્વારા જણાવવામાં આવેલ ન હોય તો તે કારણે પક્ષકારોને અન્યાય થવાની શક્યતાઓ રહે છે. અને તેથી જે રીવીઝન માટેની વિશિષ્ટ જોગવાઇ કલમ-૪૩૮ થી કલમ ૪૪૨ સુધી બી.એન.એસ.એસ.માં કરવામાં આવેલ છે. કલમ-૪૩૮ની જોગવાઇ મુજબ રીવીઝન અરજી ની સુનવણી દરમ્યાન જે પુરાવો રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય તેનુ પુનઃમુલ્યાંકન થઇ શકે નહી પરંતુ ટ્રાયલ અદાલત ધ્વારા ચલાવવામાં આવેલ ઇન્સાફી કાર્યવાહી કાયદાની જોગવાઇ અને કાર્યરીતી અન્વયે કરવામાં આવેલ છે કે કેમ માત્ર તેની કાયદેસરતા જ રીવીઝન ચલાવતી અદાલતે કરવાની છે. ટુંકમા, જે કાયદા દ્વારા આદેશ કરવામાં આવેલ હોય તેમાં યોગ્ય કાનુની જોગવાઇ લાગુ કરવામાં આવેલ છે કે કેમ તેની તપાસ રીવીઝન અદાલતે કરવાની છે અને જે આદેશ કરવામા આવ્યો હોય તે પ્રસ્થાપીત કાનુનની વિરુધ્ધ નો ન હોય તે જોવાની ફરજ રીવીઝનની સત્તાનો અમલ કરતી અદાલતને છે. તે મહત્વનો હેતુ ધ્યાને રાખી ટ્રાયલ અદાલત ધ્વારા જે નિર્ણય કરવામાં આવેલ હોય કે જે આદેશ કરવામાં આવ્યો હોય તેની કાયદેસરતા તથા તેની યોગ્યતા બાબતે રીવીઝનમા નિર્ણય કરી શકાય તે મુજબની મહત્વની જોગવાઇ ધ્યાને રાખી રીવીઝન અદાલતની સત્તાઓ આ અદાલતનાં મંતવ્ય મુજબ

ખૂબજ સીમીત અને મર્યાદીત છે અને જ્યાં સુધી આપવામાં આવેલ તારણ અથવા હુકમ અયોગ્ય ન હોય અને જ્યાં સુધી નિર્ણય બેહદ ભૂલભરેલો ન હોય અને કાયદાની જોગવાઈઓનુ પાલન થયેલ ન હોય અને પક્ષકારોના અગત્યના પુરાવાને વિચારણામાં લીધેલ ન હોય ત્યાં સુધી રીવીઝન સત્તાનો ઉપયોગ કરી શકાય નહી. ટૂકમાં, જ્યારે ન્યાયીક વિવેક બુધ્ધીનો આપખુદ રીતે અમલ કરવામાં આવેલ હોય અને તે કારણે કાર્યવાહીના પક્ષકારોને અન્યાય થવાની સંભાવના હોઈ ત્યારે જ રીવીઝનની સત્તાનો અદાલતે ઉપયોગ કરવાનો છે.

(૯). ઉપર મુજબની મહત્વની જોગવાઇ તથા હેતુ અને ઉદેશ્ય ધ્યાને રાખી હાલની અરજીના ગુણદોષ ઉપર નિર્ણય કરતી વખતે અદાલતના રેકર્ડ ઉપર આવેલ મહત્વની અને નિર્વિવાદ હકીકતો વંચાણે લેતા આ કામના અરજદાર આ કામે સંડોવાયેલ મુદ્દામાલ વાહનના માલિક હોવાનુ આ કામે રજુ થયેલ માર્ક-૩/૩ની આર.સી.બુક જોતા જણાઈ આવે છે અને તે વાહન હાલોલ રૂરલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૭૦૭૯૨૫૦૮૩૨/૨૦૨૫ પ્રોહી. એકટની કલમ-૬૫(એ),૬૫(ઇ),૧૧૬-બી,૮૧,૯૮(૨) ના કામે ગુન્હાની તપાસ કરનાર અમલદારે કબજે કરેલ હોવાનું અને તે પરત મેળવવા માટે અરજી દાખલ કરેલ હોવાનું અને તે અરજી ટ્રાયલ અદાલત દ્વારા કારણો આપી નામંજુર કરેલ હોવાની હકીકત સ્પષ્ટ પણે જણાઇ આવે છે.

(૧૦). અદાલતના રેકર્ડ ઉપર આવેલ ઉપરોક્ત નિર્વિવાદ હકીકતો ધ્યાને રાખી રેકર્ડ વંચાણે લેતા આ કામે પ્રોહીબીશન એક્ટ અન્વયેનો ગુન્હો નોંધાયેલ હોવાનું જણાઇ આવતુ હોઇ આ કામે ફરિયાદવાળા ગુન્હાની ઇન્સાફી કાર્યવાહી બી.એન.એસ.એસ.ના બીજા શિડ્યુલ મુજબ અને

પ્રોહીબીશન એક્ટની કલમ ૬૫–એએ માં રાજ્ય સરકાર દ્વારા જથ્થો નક્કી કરે તે મુજબ કેસોની કરવાની થતી ઈન્સાફી કાર્યવાહી અન્વયેની હોવાનુ જણાઇ આવે છે.

(૧૧). અરજદાર તર્ફે વિ.વ.શ્રીએ કરેલ દલીલો અને ઉઠાવેલ તકરાર મુજબ તેઓએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ મુજબની આપેલ અરજી ટ્રાયલ અદાલતે યોગ્ય કારણ વગર અને નામ. સર્વોચ્ચ અદાલતના જજમેન્ટને યોગ્ય રીતે લાગુ ન કરી આપવામાં આવેલ નિર્ણય ભૂલ ભરેલો અને ખોટો હોવાની કરેલ દલીલો અન્વયે હાલની રીવીઝન અરજીનો ગુણદોષ ઉપર આખરી નિકાલ કરતી વેળાએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ માં કરવામા આવેલ જોગવાઈ વંચાણે લઈ **નામ. સર્વોચ્ચ અદાલતે એ.આઇ.આર. ૨૦૦૩ સુપ્રિમ કોર્ટ, પાના નં.૬૩૮ થી સુંદરલાલ અંબાભાઈ દેસાઈ વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના** ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંત ધ્યાને રાખતાં અદાલત સમક્ષ રજુ કરવામાં આવતી મિલ્કત ગુન્હાની ઈન્સાફી કાર્યવાહીનો આખરી નિર્ણય થતાં સુધી તે મિલ્કત યોગ્ય કબ્જામાં સોંપવા માટેની સત્તાઓ અદાલતને આપવામાં આવેલી છે અને તપાસ કે ઈન્સાફી કાર્યવાહી પુર્ણ થાય ત્યાર પહેલાં જો મિલ્કત ઝડપથી કે કુદરતી રીતે બગડી જાય તેવી હોય અથવા તો અદાલતને એવું જણાય કે લાંબો સમય સુધી મિલ્કત જળવાઈ રહે તેમ નથી તો તેવા સંજોગોમાં અદાલત પ્રાથમિક તપાસ કરીને મિલ્કતનો નિકાલ કરવાનો આદેશ કરી શરતોને આધીન મિલ્કત કબ્જામાં સોંપવાનો હુકમ કરી શકે છે. વચગાળાનો આદેશ કરવાની સત્તા મુનસફીની સત્તા છે પરંતુ તેનો ઉપયોગ ન્યાયિક અને વિવેક બુદ્ધિ પુર્વક કરવો જરૂરી છે તે મહત્વની હકીકત ધ્યાને રાખી કોઈપણ પ્રકારની મિલ્કત કારણ વગર પડી ન રહે અને તેનો બગાડ ન થાય તે માટે વચગાળાનો આદેશ કરવાની સત્તાઓ

અદાલતને આપવામાં આવેલ છે તે ધ્યાને રાખી અત્રેની અદાલત સમક્ષના નિર્ણયાધીન કેસમાં ફરિયાદ હકીકત વંચાણે લેતા, ફરિયાદવાળા બનાવમાં બનાવના સ્થળેથી હાલની અરજીમાં જણાવેલ અરજદારની માલિકીવાળા વાહનમાંથી મળી આવેલ વિદેશી દારૂ ૫૦૦ મી.લી.ના બીયર ટીન નંગ.૩૦૦ તથા ૧૮૦ મીલીના કાચના કવાટરીયા કુલ નંગ.૭૫૦ મળી કુલ ૨૮૫ લીટર વિદેશી દારૂનો જથ્થો મળી આવેલ હોય જે ૨૦ લીટર મર્યાદા કરતા વધુ હોય, ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૯૮(૨)માં કરવામાં આવેલ જોગવાઈ તથા તે અન્વયે નિર્માણ કરવામાં આવેલ નિયમ–૯ વંચાણે લેતા કલમ–૯૮(૧) મુજબ પકડાયેલ કોઈપણ મુદ્દામાલ લીકર જો ૨૦ લીટર કરતા વધારે માત્રામાં હોય તો તે જો કોઈ વાહન વિગેરેમાં લઈ જવામાં આવતો હોય તે વાહન વિગેરેને કેસના આખરી નિકાલ સુધી બોન્ડ અથવા સીક્યુરીટી ઉપર છોડી ન શકવાની કરવામાં આવેલ આદેશાત્મક સ્વરૂપની જોગવાઈ તથા **નામદાર ગુજરાત વડી અદાલતે તા.૧૫–૧૨–૨૦૧૭ના રોજ સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીકેશન નં.૮૫૨૧/૨૦૧૭** ના કામે ફરમાવેલ હુકમ અને પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત વંચાણે લઈ હાલની રીવીઝન અરજના કામે અરજદાર તરફે કરવામાં આવેલ રજુઆતો અને દલીલો ધ્યાને રાખતા ટ્રાયલ અદાલત દ્વારા ફરમાવવામાં આવેલ હુકમમાં કોઈ જ ગેરકાયદેસરતા કે કોઈપણ પ્રકારની ક્ષતિ કે મનસ્વી પણે નિર્ણય કરેલ હોવાનુ જણાઈ આવતુ નથી જેથી ટ્રાયલ  અદાલતે પસાર કરેલ હુકમમાં કોઈપણ પ્રકારનો હસ્તક્ષેપ કે ફેરફાર કરવાનુ પણ જરૂરી અને યોગ્ય જણાઈ આવતુ નથી.

(૧૨). આમ, ઉપરોક્ત કરવામાં આવેલ ચર્ચા અને તેના આપવામાં આવેલ કારણો વંચાણે લેતા અત્રેની અદાલત દ્વારા તપાસણી કરવામાં આવેલ ટ્રાયલ અદાલતના નિર્ણયોમાં ગેરકાયદેસરતા જણાઇ આવતી ન હોય અરજદારની હાલની રીવીઝન અરજી સફળ થતી ન હોય આ કામે નિર્માણ કરવામાં આવેલ મુદ્દા નં ૧ નો જવાબ **નકારમાં** આપી મુદ્દા નં ૨નો આખરી હુકમ કરવામાં આવેલ છે.

// **હુકમ** //

– આ કામના અરજદારની આ રીવીઝન અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ તા.૧૬મી માહે એપ્રિલ સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખઃ ૧૬–૦૪–૨૦૨૬
સ્થળઃ હાલોલ.

**( સંજયકુમાર ચંપકલાલ ગાંધી )**
બીજા એડીશ્નલ સેસન્સ જજ,
હાલોલ.
CODE No. GJ 00699